ક્રમાંક:જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/૭૩
વિતરણ/પોલીસી/
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૦૮/૦૬/૨૦૧૬

# // સુધારા પરિપત્ર //

**વિષય:- SEZ ની સ્થાપના માટે ફાળવેલ જમીન ડેવલપર્સ ધ્વારા ડીનોટીફાય (Denotify) કરી ઉદ્યોગકારોને ઉદ્યોગની સ્થાપના માટે તબદીલ કરવાની મંજુરી આપવા બાબત.**

નિગમ ધ્વારા SEZ ની સ્થાપના માટે ફાળવેલ જમીન ડેવલપર્સ ધ્વારા ડીનોટીફાય (Denotify) કરી ઉદ્યોગકારોને ઉદ્યોગની સ્થાપના માટે તબદીલ કરવાની મંજુરી આપવા બાબતે તા.૧૪/૦૩/૨૦૧૩ થી પરિપત્ર જારી કરેલ છે (પરિશિષ્ટ-૧).

તાજેતરમાં તા.૩૧/૦૩/૨૦૧૬ના રોજ યોજાયેલ નિગમની ૪૮૯ મી સભામાં ઉપરોકત દર્શાવેલ પરિપત્રની તમામ નિયમો અને શરતો યથાવત રાખીને, હવે પછીના કિસ્સાઓ જેમાં એસ.ઇ.ઝેડ ની સ્થાપના માટે ફાળવેલ જમીન ડેવલપર્સ ધ્વારા ડીનોટીફાય કરી ઉદ્યોગકારોને ઉદ્યોગની સ્થાપના માટે તબદીલી અંગેની મંજુરી બાબતે નિગમના નિયામક મંડળ સમક્ષ રજુ કરી નિર્ણય લેવાનો રહેશે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રીને લેખિતમાં દિન-૧૫ માં જણાવવાનું રહેશે.

સહી/-
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યાક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

(૧) નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.
(૨) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ તેમજ માન. ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.
(૩) વીસી એન્ડ એમડી (સેલ) જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૪) મેનેજર (એસ એન્ડ એ) જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઇટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)

M (S&A)